પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૧૩ | ૨૫ જાન્યુઆરી, ૨૦૨૨, મંગળવાર; પોષ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# બ્લેક મન્ડે : સેન્સેક્સમાં ૧૫૪૬ પોઈન્ટનો કડાકો

## સેન્સેક્સના તમામ ૩૦ શેરો ખોટમાં રહ્યા, બજાજ ફાઇનાન્સના શેરમાં સૌથી વધુ છ ટકાનો ઘટાડો નોંધાયો, ટાટા સ્ટીલ, વિપ્રામાં પણ મોટી ખોટ


મુંબઈ, તા.૨૪

નબળા વૈશ્વિક વલણ વચ્ચે સ્થાનિક બજારમાં ઓલઆઉટ સેલઓફને કારણે બીએસઈ સેન્સેક્સ સોમવારે ૧,૫૪૬ પોઈન્ટ ઘટીને ૫૮,૦૦૦ ની નીચે આવી ગયો હતો. વેપારીઓના મતે વિદેશી સંસ્થાકીય રોકાણકારોના સતત આઉટફ્લોએ પણ બજારના સેન્ટિમેન્ટને પ્રતિકૂળ અસર કરી હતી. બજારની શરૂઆત ઘટાડા સાથે થઈ હતી અને બપોરના વેપારમાં વેચવાલી વધુ તીવ્ર બની હતી. લગભગ તમામ સેગ્મેન્ટ મુજબના સૂચકાંકો ખોટમાં રહ્યા હતા.

બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૧,૫૪૫.૬૭ પોઈન્ટ્સ અથવા ૨.૬૨ ટકાના ઘટાડા સાથે ૫૭,૪૯૧.૫૧ ના સ્તર પર બંધ થયો છે. એ જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૪૬૮.૦૫ પોઈન્ટ અથવા ૨.૬૬ ટકાના ઘટાડા સાથે ૧૭,૧૪૯.૧૦ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સના તમામ ૩૦ શેરો ખોટમાં રહ્યા હતા. બજાજ ફાઈનાન્સના શેરમાં સૌથી વધુ છ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ સિવાય ટાટા સ્ટીલ, વિપ્રો, ટેક મહિન્દ્રા, ટાઇટન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એચસીએલ ટેકમાં પણ મોટી ખોટ હતી.

આનંદ રાઠી શેર્સ એન્ડ સ્ટોક બ્રોકર્સના ઈક્વિટી રિસર્ચ હેડ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, અન્ય એશિયન બજારોમાં મિશ્ર વલણ વચ્ચે સ્થાનિક બજારો નીચા ખુલ્યા હતા. તેનું કારણ યુએસ ફેડરલ રિઝર્વની મીટિંગ અને જિયોપોલિટિકલ અનિશ્ચિતતા પર નજર રાખતા રોકાણકારો છે.

અનુસંધાન ૭ પાના પર



# દેશમાં ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં કોરોનાના કેસ ઘટશે

## મેટ્રો શહેરોમાં કેસ ઓછા થવા માંડયા છે, વેક્સિનેશનના કારણે કોરોનાની ત્રીજી લહેરનો પ્રભાવ ઓછો થઈ ગયો છે

નવી દિલ્હી, તા.૨૪

ભારતમાં કોરોના વાયરસની ત્રીજી લહેર હાહાકાર મચાવી રહી છે અને રોજ લાખો કેસ સામે આવી રહ્યા છે. જોકે કેટલાક રાજ્યો અને મેટ્રો શહેરમાં કોરોનાના કેસ ઓછા થવા માંડ્યા છે.

ન્યૂઝ એજન્સીએ સરકારી સૂત્રોના હવાલાથી કહ્યુ છે કે, ૧૫ ફેબ્રુઆરી સુધીમાં દેશમાં કોરોનાના કેસ ઘટવા માંડશે.કારણકે મેટ્રો શહેરોમાં કેસ હવે ઓછા થવા પણ માંડયા છે.વેક્સીનેશનના કારણે કોરોનાની ત્રીજી લહેરનો પ્રભાવ ઓછો થઈ ગયો છે.

સૂભોનુ કહેવુ છે કે, ૭૪ ટકા દેશની વસતીનુ ફુલ વેક્સીનેશન થઈ ગયુ છે.એક અંગ્રેજી અખબારે નીતિ આયોગના સભ્ય ડો વી કે પોલને ટાંકીને કહ્યુ હતુ કે, ભારતમાં કોરોના વાયરસની ચાલી રહેલી ત્રીજી લહેર દરમિયાન ઓછા મોત થયા છે.કારણકે વેક્સીન કવરેજ વધ્યુ છે.૬.૫ કરોડ લોકો દેશમાં આવે છે જેમણે વેકસીનનો બીજો ડોઝ લીધો નથી.

દરમિયાન છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોનાના ૩.૦૬ લાખ કેસ સામે આવ્યા છે.દેશમાં કોરોનાના એક્ટીવ કેસ ૨૨.૪૯ લાખને વટાવી ગયા છે.૨૪૧ દિવસમાં આ એક્ટિવ કેસનો સૌથી મોટો આંકડો છે.

# દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩,૦૬,૦૬૪ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી,તા.૨૪

ભારતમાં જાન્યુઆરીની શરૂઆતથી કોરોનાના કેસ તીવ્ર ગતિએ વધી રહ્યા. દેશમાં કોરોનાના નવા કેસ સૌથી વધુ મહારાષ્ટ્રમાં સામે આવી રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૩,૦૬,૦૬૪ નવા કેસ નોંધાયા છે અને ૪૩૯ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. જયારે છેલ્લા ૨૪ કલાકમાં ૨,૪૩,૪૯૫ સંક્રમિતો સાજા થયા છે. દેશમાં ગઈકાલ કરતાં આજે ૨૭,૬૪૯ કેસ ઓછા નોંધાયા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૨૨,૪૯,૩૫૫ પર પહોંચી છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૨૦.૭૫ ટકા છે. દેશમાં ૨૩ જાન્યુઆરીએ ૧૪,૭૪,૭૫૩ ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું છે. દેશમાં કોરોના મહામારીની ત્રીજી લહેર ચાલી રહી છે એવામાં ઓમિક્રોન વેરિઅન્ટના કોમ્યુનિટી સ્પ્રેડના સંકેત મળ્યા છે. આઈએનએસએસીઓજીએ જણાવ્યું હતું કે, કોરોનાનો ઓમિક્રોન વેરિઅન્ટ દેશમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન તબક્કામાં પહોંચી ગયો છે. પરિણામે અનેક શહેરોમાં સંક્રમણના નવા કેસ ઝડપથી વધી રહ્યા છે. જોકે, રાહતની બાબત એ છે કે દેશમાં સતત બીજા સપ્તાહે 'આર વેલ્યુ' ઘટી છે અને દેશમાં બે સપ્તાહમાં ત્રીજી લહેરની પીક આવી જશે તેમ આઈઆઈટી મદ્રાસે દાવો કર્યો હતો. દેશમાં કોરોના વાઈરસના વિવિધ વેરિઅન્ટની તપાસ કરતી સરકારી સંસ્થા ઈન્ડિયન સાર્સ-કોવ-૨ જિનોમિક્સ કન્સોર્ટિયમ (આઈએનએસએસીઓજી)એ જણાવ્યું હતું કે, દેશમાં ઓમિક્રોન વેરિઅન્ટ કોમ્યુનિટી ટ્રાન્સમિશનના તબક્કામાં પ્રવેશ્યો છે. વધુમાં ઓમિક્રોનનો પેટા વેરિઅન્ટ 'બીએ.૨'ના કેસ પણ ભારતમાં મળી આવ્યા છે, જે આગામી સમયમાં કોરોનાના કેસમાં વધારાનું કારણ બની શકે છે. આ સંસ્થા વાઈરસ કેવી રીતે ફેલાય છે તે સમજવામાં મદદ મળી શકે તે માટે કોરોનાના વિવિધ વાઈરસની તપાસ કરે છે. સંસ્થાના રિપોર્ટમાં કહેવાયું છે કે અનેક શહેરો માટે આ બાબત ચિંતાજનક બની શકે છે. વધુ ચિંતાજનક બાબત એ છે કે ઓમિક્રોન વેરિઅન્ટના ૨૮થી વધુ મ્યુટેશન થયા છે. ઓમિક્રોન વેરિઅન્ટના નવા મ્યુટેશન 'સ્ટિલ્થ ઓમિક્રોન'ના કેસ ૪૦થી વધુ દેશોમાં જોવા મળ્યા છે.






# વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ ૩૦ એપ્રિલ ૨૦૨૨ના રોજ થશે

નવી દિલ્લી,તા.૨૪

વર્ષ ૨૦૨૨માં ૨ સૂર્યગ્રહણ થવાના છે. પ્રથમ સૂર્યગ્રહણ ૩૦ એપ્રિલ ૨૦૨૨ના રોજ થશે, જ્યારે બીજું સૂર્યગ્રહણ વર્ષના અંતે ૨૫ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ થશે. વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ આંશિક હોવાનું માનવામાં આવે છે, જે દક્ષિણ અમેરિકાના દક્ષિણ-પશ્ચિમ ભાગ, પેસિફિક મહાસાગર, એટલાન્ટિક અને એન્ટાર્કટિકામાં દેખાશે. આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહી. તેથી, આ સૂર્યગ્રહણની ધાર્મિક અસર અને સૂતક ભારતમાં માન્ય રહેશે નહી.

વર્ષ ૨૦૨૨નું પ્રથમ સૂર્યગ્રહણ ૩૦ એપ્રિલ ૨૦૨૨ના રોજ રાત્રીના ૧૨:૧૫:૧૯થી ૦૪:૦૭:૫૬ દરમિયાન થશે. આ ગ્રહણ ભારતમાં દેખાશે નહી, તેથી આ સૂર્યગ્રહણની ધાર્મિક અસર અને સૂતક ભારતમાં માન્ય રહેશે નહી. આ ગ્રહણ દક્ષિણ અમેરિકાના દક્ષિણ-પશ્ચિમ ભાગ, પેસિફિક મહાસાગર, એટલાન્ટિક અને એન્ટાર્કટિકામાં જોઈ શકાશે. વર્ષ ૨૦૨૨નું બીજું સૂર્યગ્રહણ ૨૫ ઓક્ટોબરના મંગળવારે સાંજે ૧૬:૨૯:૧૦ વાગ્યે શરૂ થશે, અને ૧૭:૪૨:૦૧ વાગ્યે પૂર્ણ થશે.






## ખૂબ ખૂબ અભિનંદન



**અનિલસિંહ ડોડિયા**

પ્રિય મિત્ર,

આપની ગુજરાત સરકારના વન વિભાગમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર (વર્ગ-૨) પદે નિયુક્તિ થવા બદલ અમે સૌ મિત્રો આનંદ સાથે ગર્વ અનુભવીએ છીએ. આપને હૃદયપૂર્વક અભિનંદન સાથે ઉજ્જવળ કારકિર્દી માટે અમારી અઢળક શુભેચ્છાઓ...

શુભેચ્છક

હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન
હિમાંશુ સોલંકી - પ્રમુખ
હર્શિલ રૂપાલા - ઉપ પ્રમુખ
મોહિત ભાલકર - ખજાનચી
જય પટેલ - સભ્ય
અભિષેક વાઘેલા - સભ્ય
સોહિલ શેખ - સભ્ય
પ્રવિણ પટેલ - સભ્ય
મૌલિક કાપડિયા - સભ્ય
રિતુ પટેલ - સભ્ય
જિજ્ઞેશ મોરી - સભ્ય
મનોજ બારડ - સભ્ય
અર્પિત ચૌધરી - સભ્ય